પરિપત્ર:

વિષય:IPDC અંતર્ગત કો-ઓર્ડીનેટર, ટ્રેનર/ઇન્સ્ટ્રક્ટર તરીકે ફેકલ્ટી મેમ્બરનું અને વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવા બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓમાં મૂલ્યો અને નિતીશાસ્ત્રને સ્થાપિત કરવા માટે **"ઇન્ટીગ્રેટેડ પર્સનાલીટી ડેવલપમેન્ટ કોર્ષ"** શરૂ કરવા અત્રેની યુનિવર્સિટી દ્વારા તા:૨૦/૦૬/૨૦૨૨ નાં રોજ એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ જે અનુસંધાને નીચે આપલે લિંક પર ક્લિક કરી કો-ઓર્ડીનેટર અને ટ્રેનર/ઇન્સ્ટ્રક્ટર તરીકે ફેકલ્ટીમેમ્બરનું રજીસ્ટ્રેશન કરાવવા જણાવવામાં આવે છે. નીચે આપેલ કો-ઓર્ડીનેટરની લિંક પર ક્લિક કરી કો-ઓર્ડીનેટરનું રજીસ્ટ્રેશન કરવું. કો-ઓર્ડીનેટરનું રજીસ્ટ્રેશન એપ્રુવ થયા બાદ ફેકલ્ટી મેમ્બરની લિંક પર ક્લિક કરી ફેકલ્ટી મેમ્બરનું રજીસ્ટ્રેશન કરવું. ઉપરોક્ત બંને પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રથમ સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન વિદ્યાર્થી રજીસ્ટ્રેશનની લિંક પર ક્લિક કરી કરાવવાનું રહેશે.

તા.૦૨/૦૭/૨૦૨૨ સુધીમાં કો-ઓર્ડીનેટર અને ટ્રેનર/ઇન્સ્ટ્રક્ટર તરીકે ફેકલ્ટી મેમ્બરનું રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન ૧૫/૦૭/૨૦૨૨ સુધીમાં કરાવી લેવાનું રહેશે.

1. Coordinator Registration : https://connect.ipdc.org/registration/coordinator/
2. Faculty Registration : https://connect.ipdc.org/registration/faculty-member/
3. Student Registration : https://connect.ipdc.org/registration/student

**કોર્સની ટૂંકમાં માહિતી:**

1. આ કોર્સ અત્રેની યુનિવર્સિટી સાથે સંલગ્ન કોઈ પણ કોલેજ શરુ કરી શકે છે. તેની કોઈ પણ ફી ભરવાની થતી નથી.
2. વિદ્યાર્થીઓ પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવાની નથી.
3. આ કોર્સમાં સેમેસ્ટર-1 નાં વિદ્યાર્થીઓનું IPDC-1 કોર્સમાં રજીસ્ટ્રેશન કરવાનું છે. તેઓ સેમ-2 માં આવશે ત્યારે IPDC-2 કોર્સમાં રજીસ્ટ્રેશન કરવાનું થશે. કુલ ચાર ક્રેડીટનો કોર્સ છે. (IPDC-1 બે ક્રેડીટ અને IPDC-2 બે ક્રેડીટ).
4. એનરોલ્મેન્ટમાં 11 ડીજીટ હોવાથી શરુઆતમાં વર્ષ, બેચ નંબર અને રોલ નંબર લખવો.(દા.ત. IPDC2201001)
5. રજીસ્ટર કરાવ્યેથી વિદ્યાર્થીએ રૂ.૨૦૦/-ની કોર્સબુક ખરીદવાની થશે જે માટે સંસ્થાએ કાર્યવાહી કરવાની રહેશે.
6. કોર્સનાં નિયમો, પરીક્ષા પધ્ધતિ, પેપર સ્ટાઇલ વગેરે યુનિવર્સિટીની સાઈટ પર મુકવામાં આવેલ છે.
7. IPDC વિશે જાણવા http://gg.gg/ipdcintro-bknmu પર લેકચર વિષે જાણવા http://gg.gg/ipdcglimpse-bknmu પર તેમજ આ કોર્સની વિદ્યાર્થીઓ પર થયેલ અસર વિષે જાણવા http://gg.gg/ipdcimpact-bknmu પર ક્લિક કરવું.

નોંધ:

વધુ માહિતી માટે કોન્ટેક્ટ નંબર 9099904146 / 9099904732 અથવા ઇ-મેલ આઇ.ડી. service.ipdc@in.baps.org નો સંપર્ક કરવો અથવા યુનિવર્સિટી પર ૦૨૮૫-૨૬૮૧૪૦૩ પર કોન્ટેક્ટ કરવો.

ઓફિસર ઓન સ્પેશ્યલ ડયુટી
(એકેડેમિક)

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૨૧/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૨૭/૦૬/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ...
**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...